# સ્નેહા ફાઉન્ડેશન

ટ્રસ્ટ રજી. નં. એફ/૨૮૬૭ (ભાવનગર)   સોસાયટી રજી. નં. ગુજરાત/૨૯૪૫/ભાવનગર

**જૂન - ૨૦૨૬**

# કલબલાટ - ૨૦૨૬
## એક યાદગાર અને પ્રેરણાદાયી સાંજ

સ્નેહા ફાઉન્ડેશન દ્વારા તારીખ ૧૯ જૂન ૨૦૨૬ના રોજ મેઘાણી ઓડિટોરિયમ, ભાવનગર ખાતે "કલબલાટ ૨૦૨૬" સાંસ્કૃતિક કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વંચિત અને આર્થિક રીતે નબળા વર્ગના બાળકોમાં રહેલી પ્રતિભાને ઉજાગર કરવાનો, તેમના આત્મવિશ્વાસમાં વધારો કરવાનો અને તેમને પોતાની ક્ષમતાઓ રજુ કરવા માટે યોગ્ય મંચ પૂરો પાડવાનો હતો.



સ્થળ
પ્લોટ નં. ૨૦૩-એ, સુર્યાવાળો ચોક, આનંદનગર વિમાના દવાખાના સામેનો ખાંચો, ખેડુતવાસ, ભાવનગર - ૩૬૪ ૦૦૫ (ગુજરાત)

snehafoundation1709@gmail.com
૯૩૨૮૨૮૩૨૮૧
Snehafoundation Trust
www.snehafoundation.co.in
Snehafoundation Trust
Snehafoundation Trust

કાર્યક્રમમાં બાળકો દ્વારા સંગીત, નૃત્ય, નાટય અને વિવિધ સાંસ્કૃતિક કૃતિઓની અસરકારક રજુઆત કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય મહેમાન **શ્રી જીતુભાઈ વાઘાણી (માન. મંત્રી, કૃષિ અને ખેડુત કલ્યાણ, કેબીનેટ મંત્રીશ્રી, ગુજરાત સરકાર)**, **શ્રીમતી સેજલબેન પંડયા માન. ધારાસભ્યશ્રી(ભાવનગર પૂર્વ)**, **શ્રી મનિષભાઈ બંસલ (કલેકટર સરશ્રી, ભાવનગર)**, **શ્રી સંજયભાઈ મહેતા (પ્રિયા બ્લુ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી.)**, **શ્રીમતી તૃપ્તિબેન મહેતા**, **શ્રી અશોકભાઈ ડોડીયા (આસિસ્ટન્ટ કમિશ્નર, કસ્ટમ)**, **શ્રી સુનિલભાઈ પારેખ(સુભાગી ઈન્વેસ્ટમેન્ટ)**, **ડૉ. શિલ્પાબેન દોશી (કિર્તી કિલનીક)**, **શ્રી ઉદયભાઈ અગ્રવાલ (અલંગ ઓટો એન્ડ જન. એન્જી. કો. પ્રા. લી.)**, **શ્રી પંકજભાઈ ભાયાણી (પેનીલા કેમિકલ લી.)** તથા અન્ય મહાનુભાવોએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા અને સંસ્થાના કાર્યને બિરદાવ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના સંચાલક **શ્રી વિરલબેન જી. ગિલ** તથા **સ્નેહા ફાઉન્ડેશનની સમગ્ર ટીમે** લાંબા સમય સુધી સતત આયોજન, સંકલન અને તૈયારીમાં ભારે જહેમત ઉઠાવી હતી. તેમના સમર્પણ, ટીમવર્ક અને અથાગ પ્રયત્નોના પરિણામે કાર્યક્રમ ભવ્ય અને સફળતાપૂર્વક સંપન્ન થઈ શકયો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ મહેમાનશ્રીઓ, દાતાશ્રીઓ, શુભેચ્છકો, સ્વયંસેવકો, મીડિયા પ્રતિનિધિઓ તથા સ્નેહા ફાઉન્ડેશનના સમગ્ર પરિવારનો અમૂલ્ય સહયોગ પ્રાપ્ત થયો હતો. તેમની ઉપસ્થિતી અને પ્રોત્સાહન બાળકો માટે પ્રેરણાનું મહત્ત્વપૂર્ણ બળ બન્યા હતા.

તાળીઓના ગડગડાટ વચ્ચે બાળકોના ચહેરા પરનું સ્મિત જ અમારી સૌથી મોટી સફળતા બની.

કલબલાટ ૨૦૨૬ માત્ર એક સાંસ્કૃતિક કાર્યક્રમ નહતો, પરંતુ અનેક બાળકોના સપનાઓને નવી ઉડાન આપતો અને તેમના આત્મવિશ્વાસને મજબુત બનાવતો એક યાદગાર અવસર સાબિત થયો.






SNEHA FOUNDATION


KALBALAT
2026


SNEHA FOUNDATION
KALBALAT


SNEHA FOUNDATION
KALBALAT
2026
ANNUAL FUNCTION
OF OUR ORGANIZATION


સ્નેહા ફાઉન્ડેશન
આયોજીત
SNEHA FOUNDATION
KALBALAT
2026
ANNUAL FUNCTION
OF OUR ORGANIZATION


આયોજીત
SNEHA FOUNDATION
2026


સ્નેહા ફાઉન્ડેશન
આયોજીત
કલબલાટ
૨૦૨૬
SNEHA FOUNDATION
ANNUAL FUNCTION


આયોજીત
SNEHA FOUNDATION
2026
ANNUAL FUNCTION
OF OUR ORGANIZATION


સ્નેહા ફાઉન્ડેશન
આયોજીત
SNEHA FOUNDATION
2026
ANNUAL FUNCTION
OF OUR ORGANIZATION
KALBALAT
2026
ANNUAL FUNCTION
OF OUR ORGANIZATION


KALBALAT
2026
ANNUAL FUNCTION
OF OUR ORGANIZATION




આયોજીત
SNEHA FOUNDATION



# લર્નિંગ સેન્ટર

આ માસ દરમિયાન સ્નેહા ફાઉન્ડેશન સંસ્થાના લર્નિંગ સેન્ટર અંતર્ગત બાળકોના સર્વાંગી શૈક્ષણિક વિકાસને ધ્યાનમાં રાખીને વિશેષ શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વેકેશન દરમિયાન બાળકોનું વાંચન, ગણન અને લેખન વધુ મજબુત બને તેમજ તેમની પાયાની શૈક્ષણિક કુશળતાઓમાં વધારો થાય તે હેતુંથી નિયમિત વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા.

આ વર્ગોમાં બાળકોને તેમની ઉંમર અને ક્ષમતા અનુસાર વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ, વાંચન-લેખન, અભ્યાસ, ગણિતની પ્રેક્ટિસ તથા રસપ્રદ શૈક્ષણિક રમતો દ્વારા શિક્ષણ આપવામાં આવ્યા હતા. બાળકો ઉત્સાહપૂર્વક આ વર્ગોમાં જોડાયા અને તેમનામાં જ્ઞાન અને આત્મવિશ્વાસમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા આવા પ્રયાસો બાળકોના ઉજજવળ શૈક્ષણિક ભવિષ્ય માટે સતત કરવામાં આવી રહ્યા છે.




# એન. પી. મહેતા પ્રાથમિક શાળાનો અહેવાલ

તારીખ ૮ જૂન ૨૦૨૬ના રોજ એન. પી. મહેતા પ્રાથમિક શાળામાં ઉનાળુ વેકેશન પૂર્ણ થતાં નવા શૈક્ષણિક સત્રનો હર્ષોલ્લાસભેર પ્રારંભ કરવામાં આવ્યો હતો. વેકેશન બાદ વિદ્યાર્થીઓ ઉત્સાહ અને આનંદ સાથે શાળાએ પરત કર્યા હતા. શાળા પરિવારે તમામ વિદ્યાર્થીઓનું કુમકુમનો ચાંદલો કરીને, મીઠું મોઢુ કરાવી તેમજ નાનકડી ભેટ અર્પણ કરીને ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. જેના કારણે વિાર્થીઓમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

આ વર્ષે શાળામાં નવા વિદ્યાર્થીઓએ પણ પ્રવેશ મેળવ્યો હતો. શાળાના નિયમો, શૈક્ષણિક વાતાવરણ તથા વિવિધ પ્રવૃતિઓ વિશે માહિતી આપવામાં આવી હતી. નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત વિદ્યાર્થીઓમાં નવી આશા, ઉત્સાહ અને જ્ઞાનપ્રાપ્તિના સંકલ્પ સાથે થઈ હતી. સમગ્ર કાર્યક્રમ આનંદમય અને ઉત્સવમય વાતાવરણમાં સંપન્ન થયો હતો.



# સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ

## ● વિશ્વ પર્યાવરણ દિવસ

તારીખ **૦૫ જૂન ૨૦૨૬**ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં **વિશ્વ પર્યાવરણ દિવસ**ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકોને પર્યાવરણનું મહત્ત્વ, વૃક્ષોનું જીવનમાં સ્થાન તેમજ પર્યાવરણના સંરક્ષણ માટેની આપણી જવાબદારીઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતાં.

કાર્યક્રમ દરમિયાન બાળકોને સ્વચ્છ અને હરિયાળુ પર્યાવરણ જાળવવા માટે પ્રેરણા આપવામાં આવી હતી. તેમજ વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાળકો દ્વારા ઉત્સાહપૂર્વક વૃક્ષો રોપવામાં આવ્યા હતાં. આ પ્રવૃત્તિ દ્વારા બાળકોમાં પર્યાવરણ પ્રત્ત્યે જાગૃત્તિ અને જવાબદારીની ભાવના વિકસે તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો અને તમામ બાળકોને પર્યાવરણની સુરક્ષા માટે સતત પ્રયત્નશીલ રહેવાનો સંકલ્પ કરાવવામાં આવ્યો હતો.






## ● વિશ્વ બાળમજુરી વિરોધ દિવસ

તારીખ **૧૨ જૂન ૨૦૨૬**ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં **વિશ્વ બાળમજુરી વિરોધ દિવસ** નિમિત્તે બાળકો માટે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન બાળકોને બાળમજુરી શું છે. તેનાથી બાળકોના શિક્ષણ, સ્વાસ્થ્ય અને સર્વાંગી વિકાસ પર કેવી નકારાત્મક અસર થાય છે તેમજ બાળમજુરી સામે સમાજની જવાબદારી વિશે સરળ ભાષામાં માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે તમામ બાળકોને સંકલ્પ કરાવવામાં આવ્યો કે તેઓ ક્યારેય બાળમજુરી નહી કરે, શિક્ષણને સર્વોચ્ચ પ્રાધાન્ય આપશે અને પોતાના ઉજ્જવળ ભવિષ્ય માટે નિયમિત અભ્યાસ કરશે. સાથે જ બાળકોને સમજાવવામાં આવ્યું કે જો તેમને કોઈ બાળક મજુરી કરતો જોવા મળે તો તેની જાણ સ્નેહા ફાઉન્ડેશન અથવા સંબંધિત અધિકારીઓને કરીને તે બાળકને શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવામાં સહયોગ આપશે. આ કાર્યક્રમ દ્વારા બાળકોમાં શિક્ષણનું મહત્ત્વ અને બાળમજુરી નાબુદ કરવા પ્રત્ત્યે જાગૃતિનો સકારાત્મક સંદેશ પહોંચાડવામાં આવ્યો હતો.





## ● ઈમોસન્સ (ભાવનાઓ)

તારીખ **૧૬ જૂન ૨૦૨૬**ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં **સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ** અંતર્ગત બાળકોને વિવિધ **ઈમોસન્સ(ભાવનાઓ)** દ્વારા પરિવારના મહત્ત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. પ્રવૃત્તિ દરમિયાન પ્રેમ, લાગણી, વિશ્વાસ, સહકાર, સન્માન અને કાળજી જેવી ભાવનાઓને સરળ ઉદાહરણો દ્વારા સમજાવવામાં આવી હતી. પરિવાર આપણા જીવનનો આધાર સ્તંભ છે અને દરેક સુખ-દુઃખમાં પરિવારનો સાથ કેટલો મહત્ત્વપૂર્ણ હોય છે તે અંગે બાળકો સાથે ચર્ચા કરવામાં આવી હતી.

આ ઉપરાંત બાળકોને પરિવારના સભ્યો પ્રત્ત્યે આદરભાવ રાખવા, તેમની લાગણીઓને સમજવા અને એકબીજાની મદદરૂપ બનવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. બાળકો દ્વારા પણ પોતાના પરિવાર સાથે જોડાયેલા અનુભવો અને વિચારો રજુ કરવામાં આવ્યા હતા. આ પ્રવૃત્તિ દ્વારા બાળકોમાં પરિવાર પ્રત્ત્યે પ્રેમ, જવાબદાર અને સંવેદનશીલતાની ભાવનાનો વિકાસ થાય તેવો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.





## ● વિશ્વ યોગ દિવસ

તારીખ ૨૦ જૂન ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકોને યોગ અને વ્યાયામ કરાવવામાં આવ્યા હતાં તથા યોગના મહત્ત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન વિવિધ યોગાસનો અને સરળ વ્યાયામોની પ્રેક્ટિસ કરાવવામાં આવી હતી. સાથે જ યોગ અને નિયમિત વ્યાયામથી શરીર અને મનને થતા લાભો, શારીરિક તંદુરસ્તી, માનસિક એકાગ્રતા અને સ્વાસ્થ્ય પર તેની સકારાત્મક અસરો વિશે બાળકોને સમજાવવામાં આવ્યું હતું.

બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે પ્રેરણા મેળવી હતી.





# ● ભૂમિના વિવિધ સ્વરૂપો

તારીખ ૨૫ જૂન ૨૦૨૬ ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ અંતર્ગત બાળકોને ભૂમિના વિવિધ સ્વરૂપો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. પ્રવૃત્તિ દરમિયાન બાળકોને અખાત, ટાપુ, દ્વિપકલ્પ, ખીણ, સંયોગીભૂમિ વગેરે જેવા ભૂમિના સ્વરૂપોની ઓળખ અને તેમના મહત્ત્વ વિશે સરળ ભાષામાં સમજાવવામાં આવ્યું હતું.

ત્યારબાદ બાળકો દ્વારા માટીની મદદથી વિવિધ ભૂમિ સ્વરૂપોના મોડેલ બનાવવામાં આવ્યા હતા. જેના દ્વારા તેઓને પ્રાયોગિક રીતે વિષયને સમજાવાની તક મળી હતી.

બાળકો ઉત્સાહપૂર્વક પ્રવૃત્તિમાં જોડાયા અને સર્જનાત્મક સાથે પોતાના મોડેલ તૈયાર કર્યા. આ પ્રવૃત્તિ દ્વારા બાળકોના જ્ઞાનમાં વધારો થવા ઉપરાંત તેમની કલ્પનાશકિત સર્જનાત્મકતા અને હસ્તકૌશલ્યનો પણ વિકાસ થયો.





**ગરીબ અને અસહાયને જ્યારે મળે છે સહારો,**
**ત્યારે જિંદગીમાં એક નવી આશાનો દીવો પ્રગટે છે.**
**દરેકના ચહેરા પર ખુશી લાવવાનો આ જ ઈરાદો,**
**સમાજસેવા થકી માનવતાનો સાચો અર્થ પ્રગટે છે.**

# ● પ્લેનેટ બ્લુ દ્વારા બાળકોને વિવિધ પક્ષીઓની ઓળખ

તારીખ જૂન ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં પ્લેનેટ બ્લુ ટીમ દ્વારા બાળકો માટે પક્ષી જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન બાળકોને વિવિધ પ્રકારના પક્ષીઓ, તેમની વિશેષતાઓ, રહેઠાણ, ખોરાક તેમજ પર્યાવરણમાં તેમના મહત્ત્વ વિશે રસપ્રદ અને માહિતીસભર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ત્યારબાદ બાળકો માટે પ્રશ્નોતરીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સાચા જવાબો આપ્યા હતાં અને સાથે સાચા જવાબો આપનાર બાળકોને પ્લેનેટ બ્લુ દ્વારા પ્રોત્સાહનરૂપે ઈનામો આપવામાં આવ્યા હતાં. આ ઉપરાંત બાળકોમાં પક્ષીઓ પ્રત્યે જિજ્ઞાસા અને જાગૃતિ વધે તે હેતુંથી પક્ષીઓના સુંદર ચિત્રો ધરાવતી માહિતી પ્રદ પુસ્તિકાઓ પણ વિતરણ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ બાળકો માટે જ્ઞાનવર્ધક, રસપ્રદ અને પ્રેરણાદાયી રહ્યો હતો.

અંતમાં સ્નેહા ફાઉન્ડેશન પરિવાર તરફથી પ્લેનેટ બ્લુ ટીમનો જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયી કાર્યક્રમ માટે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.





# પાણી બચાવો અભિયાન

જૂન માસ દરમિયાન સ્નેહા ફઉન્ડેશનના માર્ગદર્શન હેઠળ ઈન્ટર્નશીપ કરી રેહલા વિદ્યાર્થીઓ દ્વારા ખેડુતવાસ વિસ્તારમાં પાણી બચાવો અને પાણીનો બગાડ અટકાવો વિષય પર જાગૃતિ અભિયાન યોજવામાં આવ્યું હતું. આ દરમિયાન સ્થાનિક લોકોને પાણીનું મહત્ત્વ સમજાવી તેનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન વરસાદી પાણીના સંગ્રહ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. છત પરથી વરસાદી પાણી એકત્રિત કરીને તેનો ઘરેલું ઉપયોગ તથા ભવિષ્ય માટે સંગ્રહ કેવી રીતે કરી શકાય તે અંગે સરળ રીતે સમજાવવામાં આવ્યું હતું. ઉપરાંત, ઈન્ટર્નશીપ વિદ્યાર્થીઓ દ્વારા પીપીટીના માધ્યમથી પણ પાણી બચાવવાના વિવિધ ઉપાયો, પાણીના સંરક્ષણનું મહત્ત્વ અને જળસંચય અંગે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે સૌને પાણીનો બગાડ ન કરવા તથા પાણીના સંરક્ષણમાં પોતાનો સક્રિય ફાળો આપવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.







# તરુણાવસ્થા

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કાર્યરત તરુણાવસ્થા પ્રોજેકટ અંતર્ગત ડૉ. હાર્દિકભાઈ ખત્રી દ્વારા કુલ ૧૪૨ દિકરીઓને સેનેટરી પેડ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટના નિયમિત કાર્યથી આજે સંસ્થા સાથે જોડાયેલ તમામ દિકરીઓ પેડ્સનો ઉપયોગ કરતી થઈ જેના કારણે સ્ત્રીઓમાં થતાં રોગોનું પ્રમાણ ઘટયું અને દિકરીઓમાં જાગૃતતા આવી હતી.

## ● સેનેટરી પેડ્સ વિતરણ

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કાર્યરત તરુણાવસ્થા પ્રોજેકટ અંતર્ગત જીતો ફાઉન્ડેશન દ્વારા કુલ ૨૫૦ બહેનોને સેનેટરી પેડ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટ દ્વારા મહિલાઓ પોતાના સ્વાસ્થ્ય પ્રત્ત્યે જાગૃતિ બને અને એક સ્વસ્થ જીવન જીવી શકે તે માટે એક નાનકડો સાર્થક પ્રયાસ કરવામા આવ્યો છે. આ સાથે શાળામાં ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ સરસ મજાના ચિત્રો દોરી પોતાની કલા દર્શાવી હતી સાથે તમામ બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કાર્યરત તરુણાવસ્થા પ્રોજેકટ માટે સહયોગ આપનાર જીતો ફાઉન્ડેશન સંસ્થા અને તેમના તમામ સભ્યો અને ઉપસ્થિત રહેલા તમામ બહેનોનો સંસ્થા હૃદયપૂર્વક આભાર વ્યકત કરે છે.







# બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

➤ સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ પણ કરવામાં આવે છે.

**વર્ષ ૨૦૨૬ના જૂન મહિનામાં બાળકોને આહારના વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.**

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાતાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | સહખુશાલી સંસ્થાના બાળકોને કેરીનો રસ અને પુરી આપવામાં આવી હતી. | ૭૩ | ૭૬ | ૧૪૯ | શ્રી હાર્દિકભાઈ ભાવસાર |
| ૨. | શ્રી હિર્દયાબેનના જન્મદિવસ નિમિત્તે સંસ્થાના બાળકોને લીચી આપવામાં આવી હતી. | ૨૭૬ | ૨૬૨ | ૫૩૮ | શ્રી હિર્દયાબેન શાહ |
| ૩. | સહખુશાલી સંસ્થાના બાળકોને કેરી આપવામાં આવી હતી. | ૨૭૧ | ૨૫૮ | ૫૨૯ | શ્રી પાર્શ્વનાથ સત્કાર્ય મંડળ |




# બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

➤ સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ પણ કરવામાં આવે છે.


**વર્ષ ૨૦૨૬ના જૂન મહિનામાં બાળકોને સ્ટેશનરી અને જરૂરી સામગ્રીના વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.**

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાતાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | સહખુશાલી સંસ્થામાં કરિયાણાની સામગ્રી આપવામાં આવી હતી. | -- | -- | -- | શ્રી પ્રશાંતભાઈ મામોતરા |
| ૨. | સહખુશાલી સંસ્થામાં ચટાઈ આપવામાં આવી હતી. | -- | -- | -- | શ્રી સુનિતાબેન અગ્રવાલ |
| ૩. | સંસ્થાના બાળકોને ડબ્બાનું વિતરણ કરવામાં આવ્યું હતું. | ૨૬૭ | ૨૬૪ | ૫૩૧ | શ્રી કલ્પેશભાઈ મહેતા |
| ૪. | સંસ્થાના બાળકોને રાઈટીંગ પેડ અને પાઉચનું વિતરણ કરવામાં આવ્યું હતું. | ૧૯૮ | ૨૨૬ | ૪૨૪ | શ્રી રાજકોટ નાગરિક બેંક |
| ૫. | સ્વ. ભરતભાઈ ડોડિયાના સ્મરણાર્થે સંસ્થાના બાળકોને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. | ૨૭૨ | ૨૬૨ | ૫૩૪ | શ્રી ભારતીબેન ડોડિયા |

## જૂન માસમાં સંસ્થાની મુલાકાતે આવેલ મુલાકાતીઓની યાદી

| ક્રમ | મુલાકાતીઓનું નામ |
|---|---|
| ૧. | શ્રી કલ્પેશભાઈ મહેતા |
| ૨. | શ્રી વર્ષાબેન<br>શ્રી ચેતનાબેન<br>શ્રી હેતાબેન<br>શ્રી કિશોરીબેન<br>શ્રી કનકબેન<br>શ્રી અવનીબેન<br>શ્રી ચંદ્રિકાબેન |
| ૩. | શ્રી જીતુભાઈ વાઘાણી (કૃષિ મંત્રીશ્રી) |
| ૪. | શ્રી રવિભાઈ રાઠોડ (ગુજજુ) |
| ૫. | શ્રી જયેશભાઈ વાઘેલા (પ્લેનેટ બ્લુ) |
| ૬. | શ્રી ધાર્મિનભાઈ (જીતો ફાઉન્ડેશન) |
| ૭. | શ્રી નિષિદભાઈ અંતાણી (રાજકોટ નાગરિક બેંક)<br>શ્રી પ્રશાંતભાઈ જકરિયા (રાજકોટ નાગરિક બેંક) |

| જુલાઈ-૨૦૨૬ના સૂચિત કાર્યક્રમો | |
|---|---|
| તારીખ | આયોજનની વિગત |
| ૦૪ જુલાઈ ૨૦૨૬ | સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ. |
| ૧૫ જુલાઈ ૨૦૨૬ | રથયાત્રાની ઉજવણી. |
| ૧૮ જુલાઈ ૨૦૨૬ | સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ. |
| ૨૫ જુલાઈ ૨૦૨૬ | કારગીલ વિજય દિવસની ઉજવણી. |
| ૨૮ જુલાઈ ૨૦૨૬ | વિશ્વ વાઘ દિવસ કાર્યક્રમ. |
| ૨૯ જુલાઈ ૨૦૨૬ | ગુરૂ પૂર્ણિમાની ઉજવણી. |



MOUNTAIN







## આપને સહભાગી થવા નિમંત્રણ:

તકવંચિત બાળકો પ્રત્યેની જવાબદારીની આ યાત્રા આપણો એક નમ્ર પ્રયત્ન છે. મર્યાદાઓ અને પડકારો અનેક છે, પરંતુ આપ સૌની શુભેચ્છાઓ અને સક્રીય સહયોગ અમારા માટે પ્રેરણારૂપ બની રહેશે.

સંસ્થાની વધતી જતી પ્રવૃતિઓ અને વધતા જતા વ્યાપ અને વિસ્તરણ માટે એ બાબત સ્વાભાવિક જ છે કે એ માટે સંસ્થાનું ભંડોળ વધે. આના માટે ઉદાર દાતાઓની સખાવત અમારા માટે નવું પ્રેરણાબળ પુરું પાડશે. દાન, અનુદાન દ્વારા આપ પણ આ સંસ્થાના સેવાકીય વિકાસ સાથે જોડાઓ તેવી અમારી વિનમ્ર અપીલ છે. સંસ્થા સંપુર્ણપણે આવા દાન દ્વારા જ વધુ વિકસશે. તેને દરિદ્રનારાયણોની સેવામાં વધુમાં વધુ આગળ વધવાની તક મળશે.

**સંસ્થાને અપાતી આર્થિક સહાય ૮૦(જી) હેઠળ કરમુકત છે.**

**80(G) No.: DIT(E)/80G(5)/351/SF/2015-16, Dt. 21-01-2016**
**PAN No.: AAPTS4988N**

### બેંકની વિગત

Sneha Foundation
IDBI Bank Account No. : 0071104000438575
IFS Code : IBKL0000071
UPI ID : 1000200723000011.9328283281@idbi

**UPI QR CODE**

### આ સેવાયજ્ઞમાં જોડાવા માટે આપ અમારો સંપર્ક કરો:

૯૩૨૮૨૮૩૨૮૧ - ૯૫૮૬૮૬૩૨૧૮ - ૯૫૧૦૮૮૮૯૯૦

snehafoundation1709@gmail.com

www.snehafoundation.co.in

Snehafoundation Trust

Snehafoundation Trust

Snehafoundation Trust

**નોંધઃ- કોર્પોરેટ કંપનીના CSR ફંડ માંથી દાન સ્વીકાર્ય છે.**

**સંકલન :- વિરલ ગીલ, વિમલ વાઘેલા**